# અક્રમ યુથ

મે ૨૦૧૮ ગુજરાતી  દાદા ભગવાન પરિવાર  ₹20



૪ મેક-અપ એટલ શું?

૬ શું હું બીજાની ભલાઇનો ફાયદો લઉ છું?

૮ જ્ઞાનીની વૈજ્ઞાનિક દ્રષ્ટિએ...

૯ યુવા કેમ્પ ૨૦૧૮

૧૦ મેક-અપ ક્યાં ક્યાં થાય?

૧૨ મેક-અપનું પરિણામ

૧૪ Q & A

૧૫ પ્રયોગ

૧૬ અક્રમ પીડિયા

૧૮ અનુભવ

૨૦ વર્ડ સર્ચ

૨૨ પઝલ

૨૩ પૂજ્યશ્રીના જન્મદિવસની ઉજવણી



વર્ષ: ૬, અંક : ૧
સળંગ અંક : ૬૧
મે ૨૦૧૮



**સંપર્ક સૂત્ર :**
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦

email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org
store.dadabhagwan.org/akram-youth



**તંત્રી -** ડિમ્પલ મહેતા

**Printer & Published by**
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj -
382421. Taluka & Dist - Gandhinagar

**Owned by**
Mahavideh Foundation
Simandhar City, Adalaj -
382421. Taluka & Dist - Gandhinagar

**Published at**
Mahavideh Foundation
Simandhar City, Adalaj -
382421. Taluka & Dist - Gandhinagar

**Printed at : Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.
Gujarat.

Total 24 Pages with Cover page

**Subscription**
Yearly Subscription
India :200 Rupees
USA: 15 Dollars
UK: 12 Pounds
5 Years Subscription
India : 800 Rupees
USA: 60 Dollars
UK: 50 Pounds
In India, D.D. / M.O. should be drawn
in favour of "Mahavideh Foundation"
payable at Ahmedabad.



# સંપાદકીય

'મેક-અપ'નો અર્થ સામાન્ય રીતે 'કોઈ કદરૂપી વ્યક્તિ અથવા વસ્તુને સુંદર દેખાડવાનો પ્રયાસ.' એટલો જ કરવામાં આવે છે.

પણ, હકીકતમાં મેક-અપ જેને આપણે કપટ પણ કહી શકીએ એ આપણા જીવનમાં બીજા ઘણા ભાગ ભજવી જાય છે.

જેમકે, થઈ ગયેલી ભૂલને, કોઈને ખબર ન પડે એ રીતે ઢાંકી દેવાનો પ્રયત્ન.

સ્વાર્થ માટે પોતાના સિવાય બીજાના હિતાહિતનો વિચાર ન કરવાની વૃત્તિ.

પોતાના વિચારો, મનોવૃત્તિની અસર ચહેરા કે વર્તનમાં ન દેખાય તે માટેની કોશિષ, વગેરે, વગેરે...

સદીઓથી માનવજાત અનેક મહોરા પહેરીને એકબીજાને છેતરવામાં સફળ રહી છે. ક્યારેક સભાનપણામાં તો ક્યારેક બેભાનપણામાં, ક્યારેક દેખાવ બદલીને તો ક્યારેક વર્તન બદલીને. આ અંકમાં આપણે મેક-અપ એટલે કે કપટને દાદાશ્રીના દ્રષ્ટિકોણથી સમજીએ. તો ચાલો, માણીએ આ અંકની અદ્‌ભુત સફર.

**- ડિમ્પલ મહેતા**

# મેક-અપ

‘‘ઓનલાઈન શૉપીંગ કરાય જ નહીં... એ લોકો બતાવે કંઇક અને આપે કંઈક... આપણે ચકાસીને લઈએ તો છેતરાઈએ નહીં... વગેરે.’’ જેવી ઘણી વાતો આપણે સાંભળતાં હોઈએ છીએ. અને એ ઘણી વાર સાચું પણ ઠરે છે. પણ શું જોઈને અને ચકાસીને લીધેલી વસ્તુમાં આપણે ક્યારેય નથી છેતરાતા? મોલમાંથી લીધેલા કપડાં ઘરે આવીને પહેરીએ ત્યારે, ‘‘આ મેં કેમ લીધું હશે?’’ એવો વિચાર ક્યારેય આપણા મનમાં આવે છે? જે વસ્તુ મોલમાં કે શૉ-રૂમમાં ખૂબ આકર્ષક દેખાતી હોય એવી ઘરે નથી દેખાતી. આવું કેમ થાય છે? એ પાછળનું કારણ એ છે કે, ઘણાં મોલમાં અને શૉ-રૂમમાં એવી લાઈટિંગ ઇફેક્ટ આપવામાં આવી હોય છે કે જેથી વસ્તુ અથવા કપડાં આકર્ષક દેખાય. એવાં અરીસા મૂકવામાં આવ્યા હોય કે જેમાં આપણે સુડોળ અને સુંદર દેખાઈએ જેથી પહેરેલી વસ્તુ આપણા પર શોભે અને એ ખરીદવા માટે આપણે પ્રેરાઈએ.

આપણા રોજિંદા જીવનમાં આવું ઘણું બધું આપણે જોતા હોઈએ છીએ. લોકો વસ્તુના વેચાણ માટે અવનવી તરકીબો અપનાવે છે. વસ્તુનું પેકિંગ તેની ક્વૉલિટી કરતાં વધારે સારું દેખાડવામાં આવે છે. વિદ્યાર્થીઓ પેપરમાં પોતાનું લખાણ એક લીટીનું પાંચ લીટીનું બનાવીને લખે છે. તકલાદી વસ્તુઓને ટીપટોપ બનાવી એવો શૉ-ઑફ કરવામાં આવે છે કે લોકો જોઇને જ આકર્ષાઈ જાય. લોકોના મનોરંજન માટે હીરો-હીરોઈન પોતાના દેખાવની સાથે સાથે નીજી જીવનને પણ મેક-અપ કરતાં અચકાતાં નથી.

માત્ર આ લોકો જ નહીં પરંતુ, આપણે પણ મેક-અપની દુનિયાનો એક ભાગ છીએ. અને મેક-અપ એટલે માત્ર ચહેરા પર કરવામાં આવે છે એ જ નહીં પરંતુ પોતાના ચારિત્ર, વાણી, વર્તન અને ત્યાં સુધી કે આપણે આપણી જાત( મન )ને પણ આ મેક-અપથી દૂર નથી રાખી શક્યા.

અત્યારના આધુનિક કાળમાં આપણે આ બધી વસ્તુને મેક-અપ કહીએ છીએ. જયારે જ્ઞાનીઓએ અને સંત પુરુષોએ તેને કપટ કહ્યું છે. કપટ એટલે બીજું કંઈ નહીં પરંતુ વસ્તુ, વ્યક્તિ, વાણી કે વિચારને જેમ છે તેમ ન દર્શાવવા. તેના પર કોઈ પણ પ્રકારનું આવરણ ચઢાવીને જેમ છે તેના કરતાં વધુ સારું દર્શાવવું.



# એટલે શું?

## ૧. છૂપા કામ કરે, તે મેક-અપ કહેવાય.

મલ્લીનાથ ભગવાન તેમના ગયા ભવમાં, તેમના સહાધ્યાયીઓ સાથે નિયમિત સાધના કરતા. પરંતુ, તેમને વિચાર આવ્યો કે, હું વધારે સાધના કરીને આ લોકોથી આગળ વધી શકું છું. અને તેમણે છૂપી રીતે સાધના કરવાની શરૂ કરી. તેના પરિણામ સ્વરૂપે તેમને સ્ત્રી દેહ મળ્યો.

## ૨. મેક-અપ એટલે જેમ છે તેમ ન બોલવું.

મમ્મી: ''જય શ્રી કૃષ્ણ બેટા, શું કરે છે?''
નિયતિ: ''હું વાંચું છું, મમ્મી. તને એક કલાક પછી ફોન કરું?''
મમ્મી: ''ઓકે, બેટા.''
નિયતિ ફોન મૂકે છે. અને સુહાનીને કહે છે, ''સોરી યાર, હવે ડીસ્ટર્બ નહીં થાય. હું ફોન બંધ કરી નાખું. ચાલ, હવે તું મૂવી ચાલુ કર.''

## 3. કપટમાં ચતુરાઈ હોય. જેની સાથે કપટ કરવાનું હોય તેને ચતુરાઈથી વશ કરી લે.

નિધિને શોપિંગ માટે પૈસા જોઈએ છે. એટલા માટે તે મમ્મીનો મૂડ સારો થવાની રાહ જુએ છે. અને આજે સવારથી નિધિ મમ્મીના બધા જ કામમાં મદદ કરે છે. મમ્મી સાથે ખૂબ પ્રેમવાળું વર્તન કરે અને ડાહી બનીને, મમ્મીને વાતવાતમાં પૈસા માટે પૂછી લે છે અને મમ્મી સામે એવું વર્તન કરે છે કે એને તો શોપિંગ માટે જવું જ નથી, પણ તેની ફ્રેન્ડ્સના આગ્રહથી જાય છે. અને એવું કરે કે જેથી મમ્મી તેને સામેથી જ કહે કે તું શોપિંગ માટે જા.

## ૪. બધા જ પ્રકારના કપટ કરે, કોઈનો લાભ ઉઠાવવા માટે.

ચુંટણી વખતે ગામના સરપંચ, ગરીબ લોકોને કપડાં અને પૈસા આપે, આખા ગામને જમાડે, અમુક લોકોને સરકારી કામોમાં મદદ કરે, નવી યોજનાઓ વિશે ચર્ચા કરે, ગામમાં સુધારા લાવશે, ગરીબોને મદદ મળશે. એવી અવનવી તરકીબોથી લોકોને એવા વિશ્વાસમાં લે કે જેથી તેઓ પોતાને જ મત આપે.

# શું હું બીજાની ભલાઈનો ફાયદો લઉં છું?

પવન, મિહિર, માનવ અને આદર્શ; ચારેય મિત્રો આજે લોંગ-ડ્રાઈવ પર નીકળ્યા છે. મુંબઈની સડકોને વટાવી હાઈ-વે પર એકબીજાની વાતોનો આનંદ માણતાં, ખંડાલા તરફ આગળ વધી રહ્યા છે.

‘‘એ આદર્શ, તું કાર ક્યાંથી લાવ્યો યાર, બહુ મસ્ત છે અને મ્યુઝીક સીસ્ટમ તો સુપર્બ છે.’’ પવને જોશમાં આવીને કહ્યું. આદર્શે મંદમંદ મલકાતાં ગાડીની સ્પીડ વધારી. ‘‘કંટ્રોલ યાર, એ તો કહે કે આ ગાડી છે કોની? તારા પપ્પાની તો નથી, રાઈટ?’’ માનવે જિજ્ઞાસા સાથે પૂછ્યું. ‘‘આદર્શ, કોઈની ચોરીને તો નથી લાવ્યો ને?’’ મિહિરે હસતાં-હસતાં પૂછ્યું. ‘‘બોસ, ચોરી એને કરવી પડે જેની પાસે મગજ ન હોય. બાય ધ વે, આ કાર કોની છે ખબર છે?’’ આખરે આદર્શ બોલ્યો. ‘‘કોની?’’ પવને કુતૂહલતાથી પૂછ્યું. ‘‘પ્રોફેસર દત્તાની.’’ આદર્શે વાળમાં હાથ ફેરવતાં કહ્યું. પવન, મિહિર અને માનવ ત્રણેય સ્તબ્ધ થઈ ગયા. આદર્શે કાચમાંથી ત્રણેયને જોયા અને હસતાં-હસતાં કહ્યું, ‘‘રીલેક્સ ફ્રેન્ડ્સ, ચોરીને નથી લાવ્યો. સામેથી આપી છે મને ચલાવવા. નથીંગ ઈઝ ઈમ્પોસીબલ ફોર આદર્શ.’’

‘‘આદર્શ, કંઈ સમજાયું નહીં.’’ માનવે કહ્યું. ‘‘જુઓ, પ્રોફેસર દત્તાનો છોકરો તપન, મારો બેસ્ટ ફ્રેન્ડ છે.’’ આદર્શે આંખ મીંચકારતાં કહ્યું. ‘‘અચ્છા, તો અમે ત્રણેય કોણ છીએ?’’ પવને



અકળાઈને પૂછ્યું. ''અરે યાર, પરીક્ષામાં પાસ થવું છે ને?'' આદર્શે પૂછ્યું. ''ઓહ... હું સમજી ગયો.'' પવને મોટેથી હસતાં-હસતાં કહ્યું.

''છેલ્લી પરીક્ષામાં આપણે તપન અને મારી ફ્રેન્ડશીપને લીધે જ પાસ થયા છીએ, સમજ્યો? પરીક્ષાના બે દિવસ પેહલાં જે પેપર્સ મેં તમને આપ્યા હતા તે તપને જ મને આપેલા.'' આદર્શે વધુ ઉમેરતાં કહ્યું, ''ગયા વર્ષે ચોથા સેમિસ્ટરની પરીક્ષામાં બહુ ઓછા માર્ક્સ આવ્યા હતા ને ત્યારે પપ્પાએ ખૂબ જ ગુસ્સો કર્યો હતો. મેં ત્યારે વિચારેલું કે કંઇક તો જુગાડ કરવો જ પડશે. કારણ કે, ભણવાનું તો આપણા સિલેબસની બહાર છે. એવામાં વેકેશન દરમિયાન મેં પ્રોફેસર દત્તાને તપન સાથે સિદ્ધિવિનાયક મંદિરની બહાર ગરીબોને કપડાં અને જમવાનું આપતાં જોયા. મેં સાંભળ્યું હતું કે પરીક્ષાના બધા જ પેપર્સ પ્રોફેસર દત્તા પાસે હોય છે અને તેમનો છોકરો તપન આપણી ઉંમરનો જ લાગ્યો. તપન વિશે વધુ તપાસ કરતાં જાણવા મળ્યું કે તે ગરીબોને મદદ કરતી બે-ત્રણ સંસ્થાઓ સાથે જોડાયેલો છે. ગરીબો માટે તેના દયાભાવનો લાભ ઉઠાવવાનું મેં નક્કી કર્યું. મેં તેને ફસાવવા માટે એક યોજના ઘડી અને તે યોજનાના ભાગ રૂપે હું તપન જે દુકાનમાં ગયો તેની બહાર ઊભો રહી તેના બહાર નીકળવાની રાહ જોવા લાગ્યો અને જેવો તે બહાર આવતો દેખાયો ત્યાં જ હું ફોન પર વાત કરવાનો ડોળ કરવા લાગ્યો, ''મમ્મી, પણ મારી ચોપડીઓ કેટલી મોંઘી આવે છે. ના, તારી દવા વધારે જરૂરી છે. ના મમ્મી, પ્લીઝ.'' ત્યાં જ તપને મારા ખભે હાથ મૂક્યો અને મને શું થયું એમ પૂછવા લાગ્યો. મેં વાર્તા બનાવી કે, મારા પપ્પા ખાસ કમાતા નથી. મમ્મી બીમાર રહે છે અને નાની બહેન પણ છે. હું ભણવામાં હોશિયાર નથી. ઘરની આવી પરિસ્થિતિને લીધે ભણવામાં ધ્યાન પણ નથી રહેતું. જો પરીક્ષામાં પાસ નહીં થાઉં તો મને નોકરી કોણ આપશે અને હું મારા કુટુંબનું પૂરું કેવી રીતે કરીશ?''

તપન મારી વાતોમાં આવી ગયો. હું કંઇક ને કંઇક બહાનાથી તેને વધુ મળવાના પ્રયત્નોમાં લાગી ગયો. ધીમે-ધીમે હું તેનો મિત્ર બની ગયો અને તેને મારી વાતોમાં વધારે ફસાવતો ગયો. ગઈ પરીક્ષાનાં બે દિવસ પહેલાં તેણે મને પેપર્સ આપતાં કહ્યું, ''દોસ્ત, લે પેપર્સ.'' ના-ના કરતાં મેં એ પેપર્સ લઇ લીધા. એ પેપર્સથી પાસ પણથયો અને તેને વેચીને કમાયો પણ ખરો. પણ, તમને ત્રણેયને મફતમાં આપ્યા છે. પણ હા, આ વાત આપણા ચારની વચ્ચે જ રહેવી જોઈએ, સમજ્યા?'' આદર્શે કડકાઈથી કહ્યું.

''હા યાર, તું એની ચિંતા ન કર. અને કહેવું પડે તારા મગજનું.'' કહી હસતાં-હસતાં મિહિરે પવનને તાળી આપી. પણ, માનવના મનમાં ગડમથલ ચાલવા લાગી, ''આમ, કોઈની સારપનો લાભ ઉઠાવવો યોગ્ય કહેવાય? શું મને આ વાતની જાણ થયા પછી પણ મારે ચૂપ રહેવું જોઈએ?''

**તો ચાલો જાણીએ કે દાદાશ્રી આ વિષે શું કહે છે......**




# જ્ઞાનીની

## વૈજ્ઞાનિક દ્રષ્ટિએ...

**દાદાશ્રી :** કપટ બધું મીઠું લગાડે, જ્યાં ને ત્યાં ભટકાવે.

**પ્રશ્નકર્તા :** એમાં કપટ પાછું કેવી રીતે આવ્યું ?

**દાદાશ્રી :** ક્રોધ-માન-માયા-લોભ તો ઓછું કરે. કપટ બહુ કરે. કપટ એટલે સંસારી દશા યે નહીં, સંસારીથી હીન દશા ! કપટ વગરનાં માણસો હોય, તે સરળ હોય. કપટવાળી પ્રકૃતિ મહામુશ્કેલી ઊભી કરે. કપટ તો બેભાન કરી નાખે. પોતાને ય ખબર ના પડે કે શું કપટ થયું છે. પોતાને ખબર ના પડવા દે કે હું કપટ કરી રહ્યો છું !! ક્રોધ-માન-માયા-લોભની વખતે તો ભાન આવે ય ખરું. આ કપટ તો બહુ ગૂઢ હોય. એમાં કરનારને ય ખબર ના પડે.

કપટ એટલે પોતાથી બધું ગુપ્ત રાખવું, હરેક બાબતો ગુપ્ત રાખવી. બધી જ પ્રકારનાં કપટ ! કોઈનો લાભ લેવાનું કપટ, કોઈને પોતાથી ગુપ્ત રાખવું, એ ય કપટ !

**પ્રશ્નકર્તા :** કપટનું સ્વરૂપ ઓળખવું કઈ રીતે ?

**દાદાશ્રી :** કપટનું સ્વરૂપ તો સંસારના પોતાના લાભો ઊઠાવવા માટે બીજાઓને પોતાના અભિપ્રાયે ખેંચવા, બીજાને પોતાના અભિપ્રાયમાં લઈ લેવા, વિશ્વાસમાં લેવા ! એ કરનારને ય ખબર ના હોય કે આ હું ખોટું કરી રહ્યો છું. એવી ખબર જ ના હોય.

# યુવ ૭ Camp

**૧૫ થી ૧૯ જૂન**



**સ્થળ:**
વડોદરા
ત્રિમંદીર

## કેમ્પ આકર્ષણ:

- અક્રમ વિજ્ઞાન પર એડવાન્સ કોર્સ
- દૈનિક જીવન કૌશલ્યને ઝડપી બનાવવું,
- હોબી કોર્નર
- આઉટિંગ અને રમતો
- ગરબા-ભક્તિ-આરતી
- ગીફ્ટ અને ગ્રુપ ફોટો

## નોંધ :

૧) રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૧૧ જૂન
૨૫૦ રૂપિયા લેટ ફી લેવામાં આવશે.
૨) આ કેમ્પ ફક્ત *YMHT* રૅગ્યુરલ આવતા યુથ માટે છે. કેમ્પમાં ભાગ લેતા યુથે પોતાની રીતે આવાનું રહેશે.

**Registration:**
**youth.dadabhagwan.org**



**ફી માત્ર**
**૧૯૦૦/-**

# મેક-અપ

## ક્યાં ક્યાં થાય ?

મનથી મેક-અપ



### પોતાને માટે કલ્પના

હું કેવો મોટો કે નાનો શું ?

ઉ.દા. એક સરળ વ્યક્તિ ...

પોતાને રોકસ્ટાર,
વ્યવસાયિક, વગેરે
ની કલ્પના

## વર્તનથી મેક-અપ



મમ્મીની સામે ઊંઘમાં હોવાનો ઢોંગ કરવો...

## વર્તનથી મેક-અપ



કોઈકને સત્ય છુપાવીને બોલવું...

## વાણી થી મેક-અપ



રાજકારણીનું અર્થ વગરનું ભાષણ...

## વર્તનથી મેક-અપ



મદદ કરવાનો ઢોંગ કરવો, પરંતુ નુકસાન પહોંચાડવાનો ભાવ...

# મેક-અપનું પરિણામ

એક વખત પંદર વર્ષ સુધી અનાવૃષ્ટિ થઈ. આથી દુકાળ પડતાં સંખ્યાબંધ માણસો મરવા લાગ્યા. ભૂખથી પીડાતા માણસો પશુઓ, બાળકો અને મડદાઓ પણ ખાતા. આ વખતે બ્રાહ્મણોએ વિચાર કર્યો કે, ગૌતમ મુનિ મહા તપસ્વી છે, આપણને તે મદદ કરશે, વળી તેમના આશ્રમમાં સુકાળ છે એમ સંભળાય છે. આમ વિચાર કરીને બ્રાહ્મણો યજ્ઞકુંડ, કુટુંબ, ગાયો અને દાસ-દાસીઓને લઈ ગૌતમ મુનિના આશ્રમમાં ગયા. આ બધા બ્રાહ્મણોને આવતાં જોઈને ગૌતમ મુનિએ તેમને પ્રણામ કર્યા અને તેમને આશરો આપ્યો.

ગૌતમ મુનિએ પછી ગાયત્રી દેવીને પ્રાર્થના કરી. ગાયત્રી દેવીએ ગૌતમ મુનિને પ્રત્યક્ષ દર્શન દઈને એક એવું પાત્ર આપ્યું કે જેમાંથી અન્ન, ખડ, વસ્ત્ર, યજ્ઞના સાધનરૂપ પદાર્થો વગેરે ઢગલાબંધ વસ્તુઓ અને ગાયો, ભેંસો વગેરે પશુઓ નીકળ્યા. ગૌતમ મુનિએ બધા બ્રાહ્મણોને બોલાવી આ વહેંચી આપ્યું. બ્રાહ્મણો ગૌતમ મુનિના ખૂબ જ વખાણ કરવા લાગ્યા. આ પ્રમાણે ગૌતમ મુનિએ બાર વર્ષ સુધી બ્રાહ્મણોનું પાલન કર્યું.



તેમણે એ આશ્રમમાં ગાયત્રી દેવીનું  સ્થાનક કર્યું હતું, ત્યાં બેઠાબેઠા બ્રાહ્મણો પુરશ્ચરણો કરતા. ગાયત્રી દેવી પણ ત્યાં સવારે બાળા, બપોરે યુવાન અને સંધ્યાકાળે વૃદ્ધારૂપે દર્શન આપતા. એક વખતે ઈન્દ્રે સ્વર્ગમાં મુનિઓના પોષણ સંબંધી વાતો કરતાં ગૌતમ મુનિની સર્વોતમ કીર્તિ ગાઈ. એ સાંભળી નારદ ગૌતમ મુનિના આશ્રમે તેના દર્શન કરવા આવ્યા અને ઈન્દ્રે કરેલી પ્રશંસા કહી સંભળાવી. પછી આશ્રમ જોઈ ગાયત્રી દેવીના દર્શન કરી ત્યાંથી વિદાય થયા. આશ્રમમાં રહેલા બ્રાહ્મણોએ ગૌતમ મુનિની કીર્તિ સાંભળી. તેમને દ્વેષ આવ્યો અને તેમણે વિચાર કર્યો કે, જયારે સુકાળ થાય ત્યારે આપણે ગૌતમની કીર્તિ સર્વથા ન રહે તેમ કરીશું. થોડા સમય બાદ વરસાદ આવવાથી  સઘળા દેશોમાં સુકાળ થયો. એ વખતે બ્રાહ્મણોએ એક ઘરડી અને તરત મરી જાય એવી ગાય બનાવી. ગૌતમ મુનિ યજ્ઞ કરતા હતા તે વખતે ગાયને અગ્નિશાળામાં જતી જોઈ ગૌતમ મુનિએ ''હું .....હું.....'' એમ કહી ગાયને અટકાવી. પેલી ગાય ત્યાં જ મરી ગઈ.

બ્રાહ્મણોએ કોલાહલ મચાવ્યો કે ગૌતમે ગાય મારી. ગૌતમ મુનિ યજ્ઞ કરી રહ્યા હતા, નેત્ર મીંચીને જોતા તેમણે બ્રાહ્મણોનું આ સઘળું કપટ જાણ્યું. તેમને ઘણો ગુસ્સો આવ્યો અને બ્રાહ્મણોને શ્રાપ આપ્યો. આ શ્રાપથી બ્રાહ્મણો પોતાની વિદ્યા ભૂલી ગયા અને અધમ સ્થિતિમાં આવી પડ્યા. તેઓ ગૌતમ મુનિને શરણે જઈને ક્ષમા માંગવા લાગ્યા. ગૌતમ મુનિએ તેમને ગાયત્રી દેવીનું સેવન કરવાનું કહ્યું. વળી તેમણે શ્રાપનો અનુગ્રહ કર્યો કે, કળિયુગમાં તમે નર્કમાંથી નીકળી પુનર્જન્મ લેશો.

**એક વાત નિશ્ચિત છે કે, કપટનું પરિણામ આ ભવમાં નહીં તો બીજા ભવમાં ભોગવવું જ પડે છે. તેનાથી બચવું અશક્ય છે.**



Question

**પ્રશ્નકર્તા : મેક-અપ એટલે શું?**

**આપ્તપુત્ર :** કોઈના માટે નેગેટિવ થતું હોય તો એ નેગેટિવને છુપાવવા માટે પોઝીટિવ રીતે જ બતાવે અને જેવું છે તેવું તો ન જ બતાવે, મેક-અપ કરે. ઘણીવાર આપણને મમ્મીએ રૂમ સાફ કરવા કહ્યું હોય અને આપણે બધી વસ્તુ ઊંચકીને કબાટમાં જેમતેમ મૂકી દઈએ અને કહીએ કે રૂમ સાફ થઇ ગયો.

મેક-અપ એટલે શું તો કે, પોતાની જાતનું ઉપરાણું લેવું. વાણીને પોલીશ કરીને બોલવી. લોકો બીજાની સામે ઈમ્પ્રેશન પાડવા, ખોટું છુપાવવા, ડરના લીધે, સારું દેખાડવા મેક-અપ કરતાં હોય છે.

**પ્રશ્નકર્તા : મનથી, વાણીથી અને વર્તનથી મેક-અપ કેવી રીતે થાય? એટલે મનથી કેવી રીતે મેક-અપ થાય?**

**આપ્તપુત્ર :** મનથી હોય ને... ધારો કે, આપણને મનથી વિકારી વિચારો આવતા હોય. અંદરથી વિષયને વાગોળતા હોઈએ અને બહાર દેખાડીએ કે, ''ના હું એવું ન કરું'' એમ સારું દેખાડે. એવું ન કરે?

**પ્રશ્નકર્તા : હા.**

**આપ્તપુત્ર :** આવી રીતે, લોભ માટે પણ હોય, માન માટે પણ હોય. અંદર ખાને એમ હોય કે આ લઈ લઉ. પણ, જો કોઈ જોતું ન હોય તો લઈ લે અને જો જોતું હોય તો કહે, ના ના હું એવું ન કરું, અને ઉપરથી પોતાના પૈસા આપીને જાય. એવી રીતે માન માટે મેક-અપ કરે.

અને ઘણીવાર એવું પણ થાય કે કોઈ વ્યક્તિની દાન આપવાની સહેજેય ઈચ્છા ન હોય પણ પોતાનું કામ કરાવવા ચેરમેન કે નેતાજીને સારું લગાડવા દાન આપે.

**પ્રશ્નકર્તા : પણ એનાથી નુકસાન શું થાય? એટલે એ સમજાયું કે ખોટું છે પણ નુકસાન શું કરે?**

**આપ્તપુત્ર :** એટલે મેક-અપ કરતા રહીશું તો મૂળ વસ્તુ સારી નહીં થાય. ઉદાહરણ - ગાડી બગડી ગઈ છે તો, એને કલર કરીને વેચી દઈએ તો ચાલે? તો કે ના એને રિપેર કરવું પડે. એટલે બગડ્યું છે તેને સુધારો. એટલે અંદરથી સુધારો, બહારનું તો જે છે એ થશે. મેક-અપ કરીને સારું દેખાડવાથી કોઈ ઉકેલ નહીં આવે.

Answer



# પ્રયોગ

**સામગ્રી :** બે ગ્લાસ, સિક્કો, પાણી, પેન્સિલ



**હેતુ : જેમ છે તેમ ન દેખાવું.**

**રીત :** સૌ પ્રથમ બે ખાલી ગ્લાસ લેવા.
એક ગ્લાસમાં પેન્સિલ અને બીજા ગ્લાસમાં સિક્કો નાખો ત્યારબાદ એક પછી એક ગ્લાસમાં પાણી નાખતા જાઓ. અને જુઓ શું થાય છે?



**અવલોકન :** પેન્સિલ વાળા ગ્લાસમાં એક બાજુથી જોતા પેન્સિલ ત્રાંસી હોય એવું લાગે છે. જયારે સિક્કા વાળા ગ્લાસમાં પાણી નાખો ત્યારે સિક્કો મોટો હોય એવો આભાસ થાય છે. એટલે કે, બંને વસ્તુ પોતાનું મૂળ સ્વરૂપ ખોઈ બેસે છે.





**તારણ :** ગ્લાસમાં પાણી નાખતાં જેમ પેન્સિલ ત્રાંસી હોય એવું લાગે તેવી જ રીતે મેક-અપથી વસ્તુ જેમ છે તેમ દેખાતી નથી. આવી જ રીતે આપણે આપણી જાતને મેક-અપ કરીને દર્શાવીએ છીએ અને તેનાથી અમુક વાર આપણે જ આપણું મૂળ સ્વરૂપ શું છે તે ભૂલી જઈએ છીએ.





# અક્રમ પીડિયા

નામ : આયુષ મહેતા
ઉમર : ૧૮ વર્ષ

હેલ્લો ફ્રેન્ડ્સ, આજે મારા ઘરે બધા કઝીન્સ ભેગા થયા હતા. ઘણા વખતથી મળ્યા ન હતા એટલે ખૂબ વાતો કરી, બાળપણના પ્રસંગો યાદ કર્યા, સાથે જમ્યા, રમતો રમ્યા અને સાંજે સાથે ફરવા ગયા. આખા દિવસ દરમિયાન મારું ધ્યાન મારી નાની બહેન નયના ઉપર હતું. ખબર નહીં કેમ પણ આજે મને એનો વ્યવહાર અને વર્તન ખૂબ અજુગતું લાગતું હતું. રાત્રે જયારે અમે ઘરે પહોંચ્યા પછી મેં નયનાને પૂછ્યું, ‘‘તું શું કરતી હતી, આજે? તને ગયા અઠવાડિયે જ મમ્મીએ મોલમાંથી બ્રાન્ડેડ મેકઅપ બોક્સ અપાવ્યો હતો તો પણ, મીરાદીદીની વસ્તુઓ વાપરવાની શું જરૂર હતી? તેમના ચહેરા પરથી સાફ દેખાતું હતું કે તેમને જરા પણ ગમ્યું ન હતું.’’ નયનાએ મને જે જવાબ આપ્યો તેનાથી હું અવાચક્ થઇ ગયો. તેણે પોતાનું મેકઅપ બોક્સ વપરાઈ ન જાય. એટલા માટે મીરાદીદીનું મેકઅપ બોક્સ વાપર્યું. અને એના મત અનુસાર બધા આવું કરતાં હોય છે. અને એમાં કંઈ ખોટું નથી. મેં તેને કહ્યું, ‘‘ઓકે, એ તો ઠીક છે પણ, તેં તારા ચપ્પલ કેમ તોડી નાખ્યા? મેં તને ચપ્પલ તોડતા જોઈ હતી.’’ નયનાએ કહ્યું, ‘‘ભાઈ, એ ચપ્પલ એમ પણ જૂના થઈ ગયા હતા. અને કૃપા બે દિવસ પેહલાં જ બે જોડ એક્દમ ફેન્સી ચપ્પલ લાવી છે. અને એ એમ કોઈ વસ્તુ આપે એવી નથી. એટલે મેં મારા ચપ્પલ તોડી નાખ્યા. જો એ દૂર રહેતી હોત તો કદાચ મારો આ પ્લાન કામ ન કરત પણ એનું ઘર તો આપણી સોસાયટીમાં જ છે એટલે આવી પરિસ્થિતિમાં ચપ્પલ તો મને મળવાના જ હતાં. તમે ચિંતા ન કરો ભાઈ, આમ પણ કૃપા પાસે ઘણા ચપ્પલ છે.’’

હા, એ વાત સાચી હતી કે કાકા-કાકીનું એક માત્ર સંતાન હોવાથી તેઓ કૃપાને ખૂબ સાચવતા અને એની દરેક ઈચ્છા પૂરી કરતા એટલે એની પાસે પુષ્કળ વસ્તુઓ હોય. પરંતુ, મને એ વાત સમજાતી ન હતી કે નયના પોતાની વાત મનાવવા અને બીજાની વસ્તુઓ વાપરવા આવી ટ્રીક કેવી રીતે કરી શકે? હું વિચારતાં-વિચારતાં મારા રૂમમાં ગયો. મને આમ તો એની વાત સાચી લાગતી હતી. કારણ કે, હું પણ નયના પાસેથી કંઈક વસ્તુ લઇ લેવા કે મમ્મી પાસે મારી વાત મનાવવા માટે આવી ટ્રીક્સ કરું જ છું. પણ, આજે તેનું આવું વર્તન જોઇને એ ખોટું લાગે છે. મેં ફોન હાથમાં લીધો અને ફ્રેશ થવા યુ-ટ્યુબ ખોલ્યું. તેમાં પૂજ્યશ્રીનો નવો વિડીયો અપલોડ થયો હતો અને મેં તેમાં સાંભળ્યું,




**''કપટ તો કોઈ પણ મોહ પૂરા કરવા માટે કરે છે. એના ફળ રૂપે, માર પડશે. ગુનાનો દંડ તો આવશે જ. કારણ કે, પારકી વસ્તુને હાથ લગાડ્યો એનું ફળ તો ભોગવવું જ પડે. પછી, જ્યારે ખબર પડે ત્યારે પશ્ચાતાપ કરો. ધીમે-ધીમે તૂટશે એ દોષ.''**

આ સાંભળી મને સમજાયું કે, સાચે જ આ બધું હું મારા મોહ પૂરા કરવા માટે જ કરું છું. જ્યારે હું કંઈ પણ મેળવવા માટે કોઈ ટ્રીક કરુ છું ત્યારે સામેવાળાનું નુકસાન મને નથી દેખાતું. મેં નિશ્ચય કર્યો, કે હવેથી હું મારા માટે કોઈની વસ્તુ પડાવી નહીં લઉં અને મારાથી જે ભૂલો થઈ ગઈ છે એ જેમ-જેમ યાદ આવે તેમ-તેમ પશ્ચાતાપ કરીને માફી માંગી લઈશ.

# અનુભવ




"સોશિઅલ નેટવર્કિંગ" શબ્દ કાને પડતાં જ મોટા ભાગના અને અનુભવી લોકોને દગો, કપટ, સમયની બરબાદી જેવા વિચારો આવે. પરંતુ, મને એમાં કમ્યુનીકેશન, લોકોને જાણી શકીએ અને અપડેટેડ રહીએ એવા વિચારો આવતા હતા. આપ્તપુત્રી બહેન સાથે આ બાબતે ચર્ચા થઇ ત્યારે તેઓ મારો ભાવ સમજ્યા હતાં, સાથે કહ્યું હતું કે, સાવચેતીથી ચાલજે. અંતે તો એ કુસંગની જ સીડી છે. તારે અનુભવ કરવો હોય તો વાંધો નથી. પણ, ધ્યાન રાખજે. તેમની આ વાત મેં હંમેશા દિલમાં રાખેલી. પણ, મારું ચિત્ત હજુ એમાં ચોંટેલું રહેતું. મારા ફેસબુકના ૯૩૭ ફ્રેન્ડ્સમાંથી ૫-૭ અપરિચિત લોકો હતા કે જેમની સાથે હું વાત કરતી. તેમાંથી એક છોકરો, અનુજ જે મારાથી નાનો છે અને અમારા જ સંપ્રદાયનો છે, તેની સાથે ફેસબુકમાં વધારે વાત થતી. અનુજ મને મારા નાના ભાઈ જેવો જ લાગતો. રક્ષાબંધનના દિવસે મારા કહેવાથી તે મારા ઘરે રાખડી બંધાવવા પણ આવેલો. મારા મમ્મી-પપ્પા તેને મળ્યા હતા. હવે અમે વોટ્સઅપમાં વાતો કરતા હતા. તેણે તેના ભાઈ-ભાભી, બહેન સાથે મારી વોટ્સઅપમાં વાત કરાવી હતી. હવે, તેઓ બધાના મેસેજ આવતા. ભાભી સાથે તો ખૂબ જ મનમેળ થઇ ગયેલો. મમ્મીની જેમ જ તેમની સાથે વાતો કરતી. ભાઈ-ભાભીને મળવાની ખૂબ ઈચ્છા થતી હતી પણ કોઈને કોઈ કારણસર તેઓને

મળવાનું ટળી જતું. અને એક દિવસ અનુજે કહ્યું કે બીઝનેસ માટે ભાઈ-ભાભી દુબઈ શિફ્ટ થઇ ગયા છે. અનુજની બહેનને પણ મળવાનું નક્કી કર ુ પણ એક નહી ને બીજા કારણથી એમને મળી ન શકાય. દોઢેક વર્ષ સુધી હું મેસેજ પરની વાતચીતથી હું તેમની ખૂબ નિકટ આવી ગઈ હતી પણ  વ્યક્તિગત રીતે હું અનુજ સિવાય તેના કુટુંબની કોઈ વ્યક્તિને મળી ન હતી.

ધીમે-ધીમે મને થોડું અજુગતું લાગવા લાગ્યું કે જયારે પણ ભાઈ-ભાભી કે બહેનને મળવાનું નક્કી કર ુ તો ટળી જાય. મને યાદ આવ્યું એક દિવસ મેં અનુજને પૂછ્યું હતું કે ભાઈ સત્સંગમાં આવે છે? ત્યારે તેણે કહ્યું હતું કે, ''હા, આજે સવારના સત્સંગમાં જ આવ્યા હતાં ને.'' જયારે એ દિવસે સવારે સત્સંગ હતો જ નહી. આ અને આવી અનેક વાતો મને યાદ આવવા લાગી અને અસંખ્ય પ્રશ્નોનો મારા મનમાં વંટોળ સર્જાયો. મેં અનુજને મળવાનું વિચાર્યું.

બીજા જ દિવસે અનુજને મળીને મેં મારી મૂંઝવણોનું સમાધાન કરવા કહ્યું. પહેલા તો તેણે ગલ્લાં-તલ્લાં કર્યા. પણ, પછી મારા અવાજમાં કડકાઈ આવતા તેણે હકીકત જણાવી. તેણે જે કહ્યું તે સાંભળીને હું અવાચક ્થઇ ગઈ. તેણે કહ્યું કે તેના કોઈ ભાઈ-ભાભી કે બહેન છે જ નહી. તે પોતે જ આ બધા પાત્રો બનીને મારી સાથે વાતો કરતો હતો. એ સમયે મને શું કહેવું, શું કરવું કંઈ ખબર પડતી નહતી. મારા માટે ભાભી મારા મમ્મી સમાન હતા. અને હકીકતમાં એ હતા જ નહી. હું મારી જાતને જે પરિવારની સભ્ય માનવા લાગી હતી, તે પરિવાર હતું જ નહી.

ત્યાં જ મને દીદીની વાત યાદ આવી ગઈ. અને નીરુમાના શબ્દો પણ મેં અનુભવમાં મૂક્યા કે કંઈપણ કરીએ એની પહેલાં સારા અને ખરાબ બંને પરિણામની તૈયારી રાખવી. આ ઉપરાંત, અક્રમ યુથના ''સ્વપ્ન'' નામના અંકમાં દાદાશ્રીએ કહેલું કે, ''જીવન એક સ્વપ્ન જ છે.'' તો આ બધું કંઈ સાચું છે જ નહી. આમ દાદાનું જ્ઞાન, નીરુમાના શબ્દો, પૂજ્યશ્રીના આશીર્વાદ - આ બધાએ મને આ ઘટનાની અવળી અસરથી મુક્ત રાખી.

- Ymhtian , સીમંધર સીટી

# વર્ડ સર્ચ

૧. બીજા પર રખાતી આશા

૨. બધી વસ્તુ પોતાની લાગવી

૩. પોતાની વસ્તુ ઉપરનો અધિકાર

૪. પોતાના હકનું નથી તે

૫. બીજાને નીચા દેખાડવું

૬. જેવું છે તેવું ન દેખાડવું

૭. આપણે વડીલોને ________ રહેવું જોઈએ

૮. ________ મૂર્તિ નીરુમા

૯. અદેખાઈ

૧૦. તહેવાર, પ્રસંગ

૧૧. જેની જોડ નથી તે

૧૨. મા-બાપની કરવી જોઈએ

૧૩. વિષયથી જે ઊભો થાય છે

૧૪. માફી

૧૫. ________ એ સંસારનો નિયમ છે

૧૬. 'મોહમ્મદ પયગંબર' માંથી બે અક્ષર

૧૭. દુરુપયોગ નું વિરોધી - ________

૧૮. ________ ની વાણી, જેણે જાણી એણે જાણી


૧૯. પોતાની જાત પર રખાતો કાબુ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ળ | અ | પે | ક્ષા | ટ | ક | ગ | સે | પ | શ | કા | દ |
| પ્ર | ણ | ભ | પ | થ | ષા | ટ | વા | ટ | ભે | બ | ડ |
| ર | હ | ક | ફા | મ | ય | સં | સ | નિ | લ | સ | ન |
| હ | ક | ખા | જ્ઞ | ક્ષ | ફ | ણું | લ | ર્ભ | વા | મ | બ |
| મો | ત્ર | વા | ઉ | મા | યા | વ | ની | ય | પ્યો | જ | ળા |
| છ | પે | તિ | ત્સ | જી | ન | ઈ | ર્ષ્યા | વા | રી | ણ | ઈ |
| આ | શં | કા | વ | લ્ય | ર્ત | ગ | વિ | ગુ | ટી | થ | વા |
| ધી | નો | ઋ | ચ | સ્વ | વ | ર્ત | ત | થ | રુ | ર | દ |
| ન | મા | પ | અ | ત્ર | રિ | ષ્ણ | રા | ર | જ | ક | થ |
| આ | ઈ | જ્ઞ | જો | ઉ | પ | યો | ગ | વા | નિ | શ | બ્દ |
| શં | લ્ય | હ | ડ | ષ | ત્સ | ર | સ્વ | શિ | આ | વા | ક |
| ક | અ | નિ | ર | પે | ક્ષ | સ | પુ | ષ્ય | ક | ત્મા | રુ |
| પ | ઉ | ણ | નિ | અ | ર્નિ | પ્ર | હ | રુ | થ | રુ | થ |
| સ | ફા | અ | સ | ર્ભ | પ | દો | કૃ | જ | ષા | ત | ણા |
| કુ | વ્ય | સ | દ્ | ઉ | પ | યો | ગ | તિ | તા | ર્થ | પ |
| ક્રિ | વ | પ્ર | ન્ડે | દ | જ | તા | ન | ચા | રિ | ત્ર | વા |
| બ | હા | તિ | બ | શ | તા | ણ | વે | દ | ની | ય | બ |
| હ | ર | ક્ર | ઈ | મો | શ | ન | લ | ગ | અ | મૂ | લ્ય |
| ઉ | અ | મ | સ્પ | ર્ધા | નિ | ગ્રં | થ | બ | જ | ગ | ત |
| ઊ | ભ | ણ | હ | કા | ઉ | ન્ટ | ર | પુ | લી | ક | ર્તા |

જવાબ :
૧) અપેક્ષા
૨) માયા
૩) હક
૪) અણહક
૫) સ્પર્ધા
૬) શંકા
૭) આધીન
૮) વાત્સલ્ય
૯) ઈર્ષા
૧૦) ઉત્સવ
૧૧) અજોડ
૧૨) સેવા
૧૩) કષાય
૧૪) ક્ષમા
૧૫) પરિવર્તન
૧૬) મોહ
૧૭) સદ્ઉપયોગ
૧૮) વીતરાગ
૧૯) સંયમ


# પઝલ

## 01




| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 0 | 5 | 4 | 3 | 2 | 1 | 0 |
| 6 | 7 | 8 | 9 | 3 | 2 | 1 |

## 02




| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 0 | 5 | 4 | 3 | 2 | 1 | 0 |
| 6 | 7 | 8 | 9 | 3 | 2 | 1 |

## 03


હવે પછીની સંખ્યા કઈ હશે ?

**268,96,54,20,...?**

જવાબ : 1) 8, 2) 6, 3) 0


# પૂજ્યશ્રીના જન્મદિવસની ઉજવણી








આપ્તસંકુલ તરફથી શુભેચ્છા કાર્ડ











YMHT બેહનો દ્વારા સ્વાગત



LMHT દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ





YMHT ભાઈઓ એ આપી ગિફ્ટ

વર્ષ: ૬, અંક : ૧
સળંગ અંક : ૬૧
મે ૨૦૧૮

Date of Publication: 22nd of Every Month
RNI No. GUJENG/2013/53112
Reg. No. G-GNR-311/2017-2019
Valid up to 31-12-2019
LPWP Licence No . PMG/HQ/080/2018
Valid up to 31-12-2019
Posted at Adalaj Post Office
on 22th of every month

જગત આપણો જ ફોટો છે.
તમારામાં કપટ હશે
ત્યાં સુધી સામો
તમારી જોડે કપટ કરશે.

- દાદાશ્રી



Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org
Printed and Published by Dimple Mehta on behalf of Mahavideh Foundation-Owner.
Printed at : Amba Offset, B-99, GIDC, Sector-25, Gandhinagar – 382025.